# પ્રકરણ-૭ (નિયમસંગ્રહ-૬)

## તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાનું પત્રક

7.1 જાહેર તંત્રને લગતાં બોર્ડ, સમિતિઓ અન્ય અને અન્ય મંડળો અંગેની વિગતો નીચેના નમૂનામાં આપો.

**માન્યતા પ્રાપ્ત સંસ્થાનું નામ અને સરનામું :-**

નામઃ અનુસૂચિત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે રાજય કક્ષાની વિશ્લેષણ સમિતિ

સરનામું :- નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.-૪, બીજે માળ, ડાૅ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

**માન્યતા પ્રાપ્ત કરનાર સંસ્થાનો પ્રકાર :--**

અનુ. જાતિના પ્રમાણપત્રોની ચકાસણી માટે રાજયકક્ષાની વિશ્લેષણ સમિતિ.

**માન્યતા પ્રાપ્ત સંસ્થાનો ટૂંકો પરિચય :--**

નોકરીઓમાં તેમજ તબીબી -ઇજનેરી મહાવિધાલયોમાં પ્રવેશ મેળવવા માટે તથા અન્ય લાભો મેળવવાના બદઇરાદાથી બોગસ પુરાવા રજુ કરીને અનઅધિકૃત રીતે અનુસૂચિત જાતિપ્રમાણપત્રો મેળવીને લાભો મેળવવાનો દુરૂપયોગ રોકવા માટે અનુ.જાતિના પ્રમાણપત્રોની ખરાઇ કરવા સરકારશ્રીએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬-૦૩-૨૦૦૨ ના ઠરાવ ક્રમાંક :-- જપસ-૧૦૯૬-આઇ૭૮ (૯૫) (૧)હ થી સરકારશ્રીએ નીચેના અધિકારીઓની રાજય કક્ષાની વિશ્લેષણ સમિતિમાં નીમેલ છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,<br>સચિવાલય, ગાંધીનગર | અધ્યક્ષ |
| ૨ | સંયુકત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,<br>સચિવાલય, ગાંધીનગર. | સભ્ય |
| ૩ | નિયામકશ્રી,<br>અનુસૂચિત જાતિ કલ્યાણ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્ય |
| ૪ | નિયામકશ્રી,<br>આદિજાતિ સંશોધન અને તાલીમ કેન્દ્ર<br>ગુજરાત વિધાપીઠ, અમદાવાદ | સભ્ય |
| ૫ | સંયુકત નિયામકશ્રી,<br>અનુસૂચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્ય સચિવ |

**માન્યતા પ્રાપ્ત સંસ્થાની ભૂમિકા :--**

## વિશ્લેષણ સમિતિના કાર્યો - ફરજો

1 જાતિ પ્રમાણપત્ર આપવાની બાબત અંગે વખતોવખત નીતિ ઘડવી - ફેરફાર કરવા.

2 સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા અપાયેલ શંકાસ્પદ જણાતાં જાતિ પ્રમાણપત્રોની ચકાસણી કરવી, સુનાવણીઓ કરવી, પ્રમાણપત્રો રદ કરવાની કાર્યવાહી કરવી. ખોટા પ્રમાણપત્રને આધારે સંબંધિત ઇસમે મેળવેલ લાભો પરત ખેંચવાની કાર્યવાહી કરવી અને તેવા લાભો મેળવતા અટકાવવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવી.

3 ગેરકાયદેસર પ્રમાણપત્ર ધરાવનાર સંબંધિત વ્યકિત સામે કાનુની કાર્યવાહી હાથ ધરવી. તેમજ પ્રમાણપત્ર આપનાર સંબંધિત અધિકારી સામે પણ કાનુની કાર્યવાહી / ખાતાકીય તપાસ હાથ ધરવી.

4 ખોટા પ્રમાણપત્ર હોવા બાબત સજા થયેલ ઉમેદવારને ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે ગેરલાયક ઠરાવવો.

5 ખોટા પ્રમાણપત્ર બાબતે નોકરીદાતા / શૈક્ષણિક સંસ્થાઓના વડાને જાણ કરી વર્તમાન જગ્યાએથી રૂખસદ આપવા હુકમ કરવો.

6 વિશ્લેષણ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતી અન્ય આનુષાંગિક બાબતો.

7 શંકાસ્પદ જાતિ પ્રમાણપત્ર બાબતે કાનુની કાર્યવાહી હાથ ધરી આખરી નિર્ણય આપવો.

8 વીજીલન્સ સેલ તકેદારી અધિકારીને સ્થળ તપાસની સુચનાઓ આપવા અને અહેવાલ મેળવવો.

9 વીજીલન્સ સેલની કામગીરી / કર્મચારીઓની સંખ્યા તથા સ્ટાફની નિમણૂંક વિગેરેની કાર્યવાહી હાથ ધરવી.

## વિશ્લેષણ સમિતિની સત્તાઓ

1. સક્ષમ અધિકારીશ્રીઓ દ્વારા અપાયેલ શંકાસ્પદ જણાતા જાતિ પ્રમાણપત્રોની ખરાઇ/ચકાસણી કરીને યથાવત રાખવા કે રદ કરવા અંગે સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.
2. સમિતિનો જાતિ પ્રમાણપત્ર બાબતે લીધેલ નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે. જો કે આવા નિર્ણયો ભારતના બંધારણની કલમ ૨૨૬ ની જોગવાઇને બંધનકર્તા રહેશે.સમિતિના ચુકાદા સામે માત્ર સ્પે. લીવ એપ્લીકેશન સિવાય અન્ય કોઇ નામદાર વડી અદાલતમાં અપીલ થઇ શકશે નહી.
3. શંકાસ્પદ પ્રમાણપત્રોના કિસ્સામાં બચાવની વાજબી તકો આપવી / મંજુર કરવી.
4. જરૂર જણાય તો બચાવની સમયમર્યાદામાં વધારો કરવો.
5. રજુ કરેલા પુરાવા માન્ય/અમાન્ય રાખવા.

6. ખોટા પ્રમાણપત્રોની બાબતને નૈતિક અધઃપતન ગણી આવું પ્રમાણપત્ર મેળવનાર ઉમેદવારને ચૂંટણીની ઉમેદવારી માટે ગેરલાયક જાહેર કરવો.
7. સજા માટે કાનુની ફરીયાદ નોંધાવવી.
8. વિશ્લેષણ સમિતિના બિનસરકારી સભ્યોને નિયમોનુસાર ટી.એ./એસ.એ. ચુકવવાનું રહેશે અને બિનસરકારી સભ્યોના સદરહું બીલ પર નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણએ પ્રતિસહી કરવાની રહેશે.

<u>માળખુ અને સભ્ય બંધારણ :--</u>

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,<br>સચિવાલય, ગાંધીનગર | અધ્યક્ષ |
| ૨ | સંયુકત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,<br>સચિવાલય, ગાંધીનગર. | સભ્ય |
| ૩ | નિયામકશ્રી,<br>અનુસૂચિત જાતિ કલ્યાણ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | સભ્ય |
| ૪ | નિયામકશ્રી,<br>આદિજાતિ સંશોધન અને તાલીમ કેન્દ્ર<br>ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ | સભ્ય |
| ૫ | સંયુકત નિયામકશ્રી,<br>અનુસૂચિત જાતિ કલ્યાણ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્ય સચિવ |

<u>સંસ્થાના વડા :--</u>

સચિવશ્રી અને અધ્યક્ષશ્રી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં.-૫, ૮ મો માળ,
નવા સચિવાલય સંકુલ, ગાંધીનગર.

<u>મુખ્ય કચેરી :--</u>

સંયુકત નિયામક અને સભ્ય સચિવશ્રી, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોક નં.-૪, બીજે માળ, ડાૅ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>બેઠકોની સંખ્યા :--</u>

મહિનામાં એકવાર તાકીદની જરૂરીયાત ઉપસ્થિત થયેથી તાકીદની બેઠક પણ બોલાવી શકાશે.

<u>શું જનતા બેઠકોમાં ભાગ લઇ શકે છે ?</u> ના

<u>શું બેઠકોની કાર્યનોંધ તૈયાર કરવામાં આવે છે ?</u> હા

<u>બેઠકોની કાર્યનોંધ જનતાને ઉપલબ્ધ છે ? જો તેમ હોય તો તે મેળવવા માટેની કાર્યપધ્ધતિની માહિતી આપો:-</u> - આ અધિનિયમ હેઠળ ઠરાવેલ કાર્યપધ્ધતિ મુજબ.